# જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી

જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, તાપી

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત

(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર)

FIT INDIA

ફો.નં. ૦૨૬૨૬-૨૨૦૭૭૦ E-mail - dsdo-tapi@gujarat.gov.in

ડિસ્ટ્રીકટ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, મુસા રોડ, સરકારી લાઈબ્રેરીની પાછળ, વ્યારા ફાયર સ્ટેશનની બાજુમાં, વ્યારા, જિ. તાપી.


જા. નં.: ૧૭૮૨

તા.:૧૨/૦૧/૨૦૨૬

પ્રતિ,

જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,

જિલ્લા રમત ગમત અધિકારીશ્રી,

તમામ ગુજરાત રાજ્ય ,

વિષય:- ખેલમહાકુંભ-૨૦૨૫ સિધી રાજયકક્ષા સેપક ટકરાવ અં-૧૪,અં-૧૭ ભાઇઓની સ્પર્ધા કાર્યક્રમ.

સંદર્ભ:- ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના પત્ર ક્રમાંક- એસ.એ.જી/ખે.મ.કુ.૨૦૨૫ /૨૦૨૫-૨૬/૪૭૪૪૭ થી ૪૭૫૫૨ તા.૨૪/૧૨/૨૦૨૫ અન્વયે

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, તાપી (વ્યારા) દ્વારા આયોજીત ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રાજયકક્ષા સેપક ટકરાવ અં-૧૪ અને અં-૧૭ ભાઇઓ સ્પર્ધાનું આયોજન ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ,વ્યારા ખાતે કરવામાં આવનાર છે. જે સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે. જે આપના જિલ્લાના ખેલાડીઓની જાણ કરવા વિનંતી.

-:: રાજ્ય કક્ષા સેપક ટકરાવ અં-૧૪ અને અં-૧૭ ભાઇઓ સ્પર્ધાનો કાર્યક્રમ::-

| ક્રમ | વય જુથ (ઇવેન્ટ) | રિપોર્ટીંગ તારીખ અને સમય | રિપોર્ટિંગ સ્થળ અને સ્પર્ધા સ્થળ | સ્પર્ધા તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧ | અં-૧૪ ભાઇઓ અને અં-૧૭ ભાઇઓ | તા 03/0૨/૨૦૨૬ સમય :- 0૪:00 થી 0૮:00 સુધી | ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ,વ્યારા, મુસા રોડ ,સરકારી લાઇબ્રેરીની પાછળ ,વ્યારા ફાયર સ્ટેશનની બાજુમાં,વ્યારા જી-તાપી | તા 0૪/0૨/૨૦૨૫ થી તા 0૫/0૨/૨૦૨૫ સમય :-સવારે 0૯:00 થી શરૂ. |

Scanned with CamScanner

- સ્પર્ધા અને રિપોર્ટીંગ, નિવાસ સ્થળ:- <u>ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ વ્યારા જિ.તાપી</u>

કાર્યાલય સંપર્ક નંબર:- દીક્ષિત પટેલ :- ૯૮૭૯૫૩૬૬૬૮
ઉકેશ ગામીત :- ૯૫૩૭૪૬૯૫૨૧
નિવાસ સંપર્ક નંબર :- ઓમ કોટવાલ :- ૯૬૬૨૪૮૯૬૦૦
રાહુલ ગામીત :- ૮૧૪૧૨૬૭૫૫૦

## -: સ્પર્ધા અંગેની જરૂરી સૂચના :-

- ભાગ લેનાર ખેલાડીની સંખ્યા ૧૨ (બાર) અને સાથે ૧ (એક) મેનેજર અને ૧ (એક) કોચશ્રીએ આવવાનું રહેશે.
- પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચૂક પણે આપવાની રહેશે અને એન્ટ્રીની ઓરીઝનલ નકલ પણ સાથે લાવવાની રહેશે.
- તમામ ખેલાડીઓનું ખેલ મહાકુંભ-૨૦૨૫ નું એલીજીબીટી ફોર્મ જિલ્લા રમત ગમત અધિકારીશ્રી અને જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીના સહી સિક્કા અને શાળાના સહી સિક્કા સાથેનું લાવવાનું રહેશે.
- સીધી રાજ્યકક્ષાએ શરૂ થતી સ્પર્ધા માટે ખેલાડીઓને એક ટાઇમ લેચ આપવામાં આવશે. માત્ર પ્રથમ રાઉન્ડના વિજેતાઓને જો રોકાવાની જરૂર જણાય તો ભોજન અને નિવાસ પુરુ પાડવામાં આવશે. ભોજન/નાસ્તા સમયે જે તે ટીમ સાથે ટીમના મેનેજરે ટીમની સાથે આવવાનું રહેશે.અને શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.
- સીધી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર ટીમો/ખેલાડીઓને પ્રવાસ ખર્ચ ચૂકવવાનો રહેતો નથી.
- ટીમના દરેક ખેલાડીઓની ઓનલાઇન રજીસ્ટ્રેશનની પહોંચ ફરજિયાત સાથે લાવવી તેમજ ઓનલાઇન કે.એમ.કે. આઇ.ડી. નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે. અને તેઓએ પોતાના એક જ વયજુથમાં ભાગ લેવાનો રહેશે. ખેલાડીએ ફરજિયાત પણે પોતાના આધારકાર્ડની ઝેરોક્ષ જોડવી (ઓરિજનલ સાથે લાવવું) અને ભાગ લેનાર ખેલાડીઓના જન્મ તારીખ/રહેઠાણના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.
- સ્પર્ધા સ્થળે અને નિવાસ સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે. કોઇ પણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પૂરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઈ કરવાની રહેશે. અને પ્રવાસ ભથ્થુ ચૂકવવામાં આવશે નહિ.
- ટીમ સાથે કોચ/મેનેજર તરીકે આવનાર વ્યક્તિએ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીના સહી સિક્કાવાળો ઓર્ડર અને ઓનલાઇન થયેલ રસીદ ફરજિયાત પણે સાથે લઇ આવવાની રહેશે. અન્યથા વિજેતા થયેલ ખેલાડીના કોચને રોકડ પુરસ્કાર આપવામાં આવશે નહી.
- સ્પર્ધા દરમ્યાન જો કોઇ ઇજા કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ અને મેનેજરની રહેશે. સ્પર્ધા સ્થળે રૂતુ અનુસાર બેડીંગ સાથે લાવવું.
- જે સ્પર્ધકનું ઓન લાઇન રજીસ્ટ્રેશન કરેલ હશે અને તેનું નામ એન્ટ્રીમાં દર્શાવેલ હશે તેને જ ભાગ લેવા દેવામાં આવશે.
- સ્પર્ધા સ્થળે આવવા નીકળતા પહેલા આગળ દર્શાવેલ સંપર્ક નંબરમાં ફોન કરી સ્પર્ધા અંગેની વિગતો જાણી નિકળવા માટેની સૂચના મેનેજરને આપવાની રહેશે.
- સ્પર્ધા નોકઆઉટ પધ્ધતિ થી રમાડવામાં આવશે જેની ખેલાડી, કોચ, મેનેજરે નોંધ લેવાની રહેશે.

Scanned with CamScanner

- રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જવા માટે ખેલાડી, કોચ-મેનેજરે બસ, રેલ્વે અને અન્ય સરકારી ટ્રાન્સપોર્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે. અન્યથા આયોજક તરફથી પ્રવાસ ખર્ચ આપવામાં આવશે નહી.
- ખેલાડીઓને સ્પર્ધામાં ભાગ લેવા માટે લાવતા પહેલા વાલીઓની ફરજીયાત સંમતિનું પ્રમાણપત્ર મેળવીને લાવવાનું રહેશે.
- સ્પર્ધા સેપક ટકરાવ એસોસિએશનના નિયમ મુજબ રમાડવામાં આવશે.
- કોઈ પણ ટીમ સામે પ્રોટેસ્ટ લેવામાં આવે તો સમયમર્યાદામાં આધાર પુરાવા રજુ કરવાના રહેશે. અને જો આધાર પુરાવા રજુ નહી કરી શકે તો ટીમને ડિસકવોલીફાઈ કરવામાં આવશે.

જિલ્લા રમત ગમત અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
તાપી(વ્યારા)

જિલ્લા રમત વિકાસ અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
તાપી(વ્યારા)

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ:</u>

૧) માન.અગ્ર સચિવશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર.
૨) માન.ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.
૩) માન.કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર.
૪) માન.કલેક્ટરશ્રી, તાપી-વ્યારા.
૫) માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તાપી-વ્યારા.
૬) માન.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, તાપી-વ્યારા.
૭) માન.સચિવશ્રી, સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.
૮) માન.સચિવશ્રી, રાજ્ય રમત ગમત પરિષદ,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,ગાંધીનગર.
૯) માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તાપી-વ્યારા.
૧૦) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાપી-વ્યારા
૧૧) માન.સિવિલ સર્જનશ્રી, સ્પર્ધા સ્થળ ઉપર ૧૦૮ની સેવાઓ પૂરી પાડવા માટે.
૧૨) માન. આરોગ્ય અધિકારીશ્રી, તાપી-વ્યારા (સ્પર્ધા સ્થળે મેડીકલ ટીમ ઉપસ્થિત રાખવા માટે)
૧૩) માન.નાયબ માહિતી નિયામકશ્રી, સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.
૧૪) માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય સેપક ટકરાવ એસોશિએશન.
૧૫) માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી,વ્યાયામ શિક્ષક સંઘ, તાપી જિલ્લો.
૧૬) માન. નોડલ અધિકારીશ્રી/હેડ કોચશ્રી, ખેલમહાકુંભ-૨૦૨૫ સેપક ટકરાવ સ્પર્ધા.
૧૭) માન. જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, તાપી

Scanned with CamScanner